અપીલ અરજી નં.૩૫૮ તા.૨૨–૨ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ શ્રી જયેશભાઈ ચંદુભાઈ પટેલ
સામાવાળાઃ– ઈ.ચા.ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી જયેશભાઈ ચંદુભાઈ પટેલની તા.૩૧–૧૨–૧૦ની અરજી થી મુદ્દા નં.૧ ટી.પી.૩૨ (અડાજણ) ફાઈનલ પ્લોટ નં.૫ પૈકી યુનીટ નંબર ૭ માં મંજુર પ્લાન મુજબ બાંધકામ થયેલ છે કે કેમ? મુદ્દા નં. ૨ મંજુર પ્લાન મુજબ સ્થળ પર કેટલુ બાંધકામ કાયદેસર –પ્લાન પાસ કરાવ્યા મુજબ છે? તેમજ કેટલુ બાંધકામ ગેરકાયદેસર છે તેની વિગત હમોને પ્લાન પાસ કરાવ્યાનાં નકશા સહિત આપવા વિનંતી છે. વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૨૨–૨–૧૧ ની **SMC/FAP/** નં.૩૫૮/૨૦૧૦–૧૧.

શ્રી જયેશભાઈ ચંદુભાઈ પટેલની તા.૩૧–૧૨–૧૦ની અરજીથી મુદ્દા નં.૧ ટી.પી.૩૨ (અડાજણ) ફાઈનલ પ્લોટ નં.૫ પૈકી યુનીટ નંબર ૭ માં મંજુર પ્લાન મુજબ બાંધકામ થયેલ છે કે કેમ? મુદ્દા નં. ૨ મંજુર પ્લાન મુજબ સ્થળ પર કેટલુ બાંધકામ કાયદેસર –પ્લાન પાસ કરાવ્યા મુજબ છે? તેમજ કેટલુ બાંધકામ ગેરકાયદેસર છે તેની વિગત હમોને પ્લાન પાસ કરાવ્યાનાં નકશા સહિત આપવા વિનંતી છે. વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે ઈ.ચા. ડે. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ /૬૯૩તા.૨૯–૧–૧૧ થી આપેલ માહિતી અધૂરી અને સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અરજદારની પુર્વ અરજીઓ અંગે થયેલ કાર્યવાહી તથા નહીં લીધેલ પગલાની હકીકત લક્ષી વિગતો જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૬૧ તા.૪–૩–૧૧ થી ઈ.ચા.ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારનેઅપીલ અને મુળ માહિતી માંગતી અરજીમાં નિર્દિષ્ટ અરજીની નકલો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૮૨૮, તા.૧૪–૩–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૬૭૪ તા.૧૯–૧–૧૧ ના પત્રની નકલ, પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૬૮૨ તા.૨૮–૧–૧૧ ના પત્રની નકલ, પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૬૯૩ તા.૨૯–૧–૧૧ ના પત્રની નકલ, તથા બાંધકામ તોડયા અંગેના પુરાવા તરીકે ફોટોગ્રાફની નકલ રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૦–૩–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, તથા જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીના પત્રોની નકલ, અરજદારે તા.૧૮–૮–૧૦ ના રોજ તથા તા.૫–૧૦–૧૦ ના રોજ ઝોનલ ઓફિસર વેસ્ટઝોનને તથા મ્યુ. કમિ.શ્રીને તા.૨૩–૮–૧૦ અને તા.૫–૧૦–૧૦ ના રોજ કરેલ અરજીઓની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૩૧–૧૨–૧૦ ની અરજીથી ટીપી સકીમ નં.૩૨(અડાજણ) ફા.પ્લોટ નં.૫, યુનીટ નં. ૭ માં બાંધકામ બાબતેની તેમજ ગટર અને નળ જોડાણ કાયદેસરતા અંગે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન અડાજણને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૬૭૪ તા.૧૯–૧–૧૧ ના પત્રની નકલ, પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૬૮૨ તા.૨૮–૧–૧૧ ના પત્રની નકલ, પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૬૯૩ તા.૨૯–૧–૧૧ ના પત્રથી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેન સંદર્ભે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલી માહિતી અસંતોષકારક અને અધૂરી હોવાનું જણાવી તા.૨૨–૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.(૧) ટી.પી.૩૨ (અડાજણ) ફાઈનલ પ્લોટ નં.૫ પૈકી યુનીટ નંબર ૭ માં મંજુર પ્લાન મુજબ બાંધકામ થયેલ છે કે કેમ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી સ્કીમ નં.૩૨ (અડાજણ) ફા.પ્લોટ નં.૫ પૈકી યુનીટ નં.૭ ના બાંધકામના પ્લાન ટીડીઓ/વે.ઝોન/નં.૧૭૭ તા.૨૩–૧૨–૦૯ થી મંજુર થયેલ છે જે પ્લાનની નકલ રૂ.૯૦/– તેમજ રજાચિઠ્ઠીની નકલના રૂ.૨/– રાંદેરઝોન કચેરીએ ભર્યેથી મળી શકશે તેવું અરજી નિકાલની સમય અવધિના છેલ્લા દિવસે જણાવેલ છે. મુદ્દા નં(૨) મંજુર પ્લાન મુજબ સ્થળ પર કેટલુ બાંધકામ કાયદેસર –પ્લાન પાસ કરાવ્યા મુજબ છે? તેમજ કેટલુ બાંધકામ ગેરકાયદેસર છે તેની વિગત હમોને પ્લાન પાસ કરાવ્યાનાં નકશા સહિત આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ ની વિગતે સંયુકત પ્રત્યુત્તર આપેલ છે. (૩) તા.૧૮–૮–૧૦ ના રોજ હમો સોસા.ના રહેવાસીઓ ધ્વારા વેસ્ટ ઝોનલ ઓફિસરશ્રીને ગેરકાયદેસર બાંધકામ બાબતમાં અરજી કરેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ અરજીઓ અન્વયે ટીડીઓ નં.વે.ઝોન/૧૭૭ તા. ૨૩–૧૨–૦૯ થી મંજુર થયેલ

પ્લાન વિરુધ્ધના માર્જીનમાં બનાવેલ આરસીસી દાદર તેમજ ઉત્તર દિશામાં માર્જીનમાં કરેલ આર.સી.સી. પ્રોજેકશન અરજદારને રૂબરૂ સુચના આપી દુર કરાવેલ છે. તા.૨૩–૧૨–૦૯ ના મંજુર પ્લાન બાદ તા.૧૪–૧૦–૧૦ થી રીવાઈઝડ પ્લાન રજૂ કરેલ છે. જે ચકાસણી હેઠળ છે. સદરહુ પ્લોટમાં બિલ્ડીંગ યુઝ પરમીશન આપવામાં આવેલ નથી. રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી જ આપવાની થાય છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) તા.૨૩–૮–૧૦ ના રોજ કમિ.શ્રી સુરત મહાનગરપાલિકાને સોસા.ના રહેવાસીઓ ધ્વારા પ્લાન પાસ કરાવ્યા વિરુધ્ધ બાંધકામ દુર કરવા માટે અરજી કરેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૩ ની વિગતે સંયુકત પ્રત્યુત્તર પાઠવેલ છે. મુદ્દા નં.(૫) તા.૫–૧૦–૧૦ ના રોજ ઝોનલ ઓફિસરશ્રી સુરત મહાનગરપાલિકાને બીજી વખત પ્લાન પાસ કરાવ્યા મુજબ ગેરકાયદેસર બાંધકામ બાબતમાં અરજી કરેલ છે. તે તથા મુદ્દા નં. (૬) તા.૫–૧૦–૧૦ ના રોજ કમિ.શ્રી સુરત મહાનગરપાલિકાને (મુગલીસરા) બીજી વખત થઈ રહેલ ગેરકાયદેસર થઈ રહેલ બાંધકામ દુર કરવા માટે વિનંતી ભરી અરજી કરેલ છે. તે અંગે પણ મુદ્દા નં.૩ અને ૪ નો સંયુકત પ્રત્યુત્તર પાઠવેલ છે.

વિગત નં.૩,૪,૫,૬ બાબતમાં વેસ્ટઝોન ઓફિસર સાહેબ ધ્વારા પાસ પ્લાન કરાવ્યા મુજબના બાંધકામ બાબતમાં શું પગલા લીધા? વિગતવાર જણાવવા મહેરબાની. પ્લાન પાસ થયેલ વિરુધ્ધ હજી કેટલું બાંધકામ સ્થળ પર હાજર છે? જો હોય તો તમો કેટલા સમયમાં આ ગેરકાયદેસર બાંધકામ દુર કરવાના છો? તા. ૫–૧૦–૧૦ ના રોજ કમિ.શ્રી સુરત મહાનગરપાલિકા, મુગલીસરાને અરજી કરેલ છે તો કમિ.શ્રી ધ્વારા આ ગેરકાયદેસર બાબતમાં ઝોનલ ઓફિસરશ્રી અડાજણને લેખિત કે મૌખિક શું સુચન કરેલ છે? તેની વિગતો આપવા મહેરબાની. સાઉથઝોન(અડાજણ) શ્રી ધ્વારા આ ગેરકાયદેસર બાંધકામ બાબતમાં શું કાર્યવાહી કરવામાં આવે છે? વિગતો આપવી, હમારા જણાવેલ સરનામે આપશ્રી ધ્વારા મૌખિક કે પત્ર વ્યવહાર ધ્વારા આપશ્રી તરફથી હમોને કોઈ પણ પ્રકારની જાણકારી કેમ કરવામાં આવેલ નથી? સદરહુ પ્લોટમાં બીલ્ડીંગ યુઝ પરમીશન આપવામાં આવેલ છે કે કેમ તેમજ આપવામાં આવેલ હોય તો કયા આધારે આપવામાં આવેલ છે. જેની વિગતો કયા ઓફિસર ધ્વારા કરવામાં આવ્યુ છે જણાવશો. શું આ વ્યકિત ધ્વારા થઈ રહેલ ગેરકાયદેસર બાંધકામમાં હજી કેટલું વધારે બાંધકામ કરાવવા ઈચ્છો છો? જેની વિગત જણાવશો. તેવા પ્રશ્ન બાબતે પણ મુદ્દા નં.૩ અને ૪ અનુસારનો સંયુકત પ્રત્યુત્તર આપેલ છે. હાલમાં સ્થળ પર ગટર (ડ્રેનેજ) જોડાણ તેમજ નળ જોડાણ કરવામાં આવી રહયું છે જે કાયદેસર છે કે કેમ? તથા મંજુરી આપવામાં આવેલ છે કે કેમ? તો તે કયા આધારે આપવામાં આવેલ છે જે વિગતે જણાવવા મહેરબાની કરશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ગટર (ડ્રેનેજ )જોડાણ અંગે નં.વેસ્ટઝોન/આરટીઆઈસેલ/આ.નં.૬૭૪ તા.૧૯–૧–૧૧ થી " હાલમાં ઉપરોકત સ્થળે ગટર (ડ્રેનેજ) જોડાણ કરવામાં આવેલ છે. તે કાયદેસર છે. અને તે અંગે રાંદેરઝોન ખાતેથી તા.૧૮–૧૨–૧૦ ના રોજ મંજુરી આપવામાં આવેલ છે. અને એ પેટે રસ્તા ખોદાણ ચાર્જના રૂા.૪૦૩૫/– તથા ડેવલપમેન્ટ પરમીશનના આધારે ટેમ્પરરી ગટર જોડાણના રૂા.૧૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જયારે નળ જોડાણ કાયદેસર છે કે કેમ? તે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટઆઈ સેલ/આ.નં.૬૮૨ તા.૨૮–૧–૧૧ થી " હાલ સ્થળ ઉપર નળ જોડાણ કાયદેસર છે તથા પ્રવર્તમાન નિતી નિયમો મુજબ બાંધકામ અંગે મંજુરી આપવામાં આવેલ છે. જે નકલના પાના દીઠ રૂા.૨/– ભર્યેથી ઝોન કચેરીએથી ઉપલબ્ધ થશે તેવી માહિતી આપેલ છે. આમ અરજદારને નિયત સમય અવધિમાં માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારને આપેલી માહિતી અસંતોષકારક તેમજ અધૂરી અને વિગતવાર આપેલ નથી તેવું જણાવી તા.૨૨–૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે ફકત પ્લાન પાસ થયેલ બાંધકામ વિરુધ્ધ થઈ રહેલ ગેરકાયદેસર બાંધકામ બાબતે પુછવામાં આવેલ છે. દરેક સવાલનો ભરોસાપાત્ર તેમજ વિગતવાર સંપૂર્ણ જવાબ આપેલ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ તા.૨૩–૧૨–૦૯ ના રોજ મંજુર પ્લાન વિરુધ્ધ માર્જીનમાં બનાવેલ આરસીસી દાદર તેમજ ઉત્તર દિશામાં માર્જીનમાં આરસીસી પ્રોજેકશન અરજદારને રૂબરૂમાં સૂચના આપી દુર કરાવેલ છે. તથા તા.૨૩–૧૨–૦૯ ના મંજુર પ્લાન બાદ તા.૧૪–૧૦–૧૦ થી રીવાઈઝ પ્લાન કરેલ છે જે ચકાસણી હેઠળ છે. તેવું જણાવેલ છે. જયારે મુદ્દા નં.૧ અને ૨ નો સવાલનો જવાબ તર્કબધ્ધ કે સાચો કે વિગતવાર નથી જે બાબતે અરજદારે મુદ્દા નં.૨ માં પ્લાન પાસ કર્યા મુજબ છે તેમજ કેટલું બાંધકામ ગેરકાયદેસર છે તેની વિગતો પ્લાન પાસ કરાવ્યાના નકશા સહિતની માંગેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારીએ પ્લાનની નકલના રૂા.૯૦ તેમજ રજાચિઠ્ઠીના નકલના રૂા.૨/– ભરપાઈ કરી મેળવવા જણાવેલ છે. અરજદારે મુદ્દા નં.૩,૪,૫ અને ૬ બાબતે ના સવાલોની માહિતી મુજબ મુદ્દા નંબર અપાયેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે અરજદારે પોતાનો સવાલ મુદ્દા નં.૩,૪,૫ અને ૬ સંયુકત રીતે કરેલ છે. વધુમાં મુદ્દા નં.૩,૪,૫ અને ૬ ગેરકાયદેસર બાંધકામ દુર કરવા બાબતની એક સરખી વિષય વસ્તુવાળો પ્રશ્ન રહેલ છે. તેથી તેનો પ્રત્યુત્તર પણ સંયુકત આપેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારીએ અરજદારની અરજીઓ બાબતે અરજદારને રૂબરૂ સુચના આપી માર્જીનમાં બનાવેલ દાદર તેમજ ઉત્તર દિશામાં માર્જીન કરેલ આરસીસી પ્રોજેકશન દુર કરાવેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારીએ પણ પૂરક વિગતોમાં મુદ્દા નં.૩ થી ૬ અન્વયે અરજદારની પૂર્વ અરજીઓ અંગે થયેલ કાર્યવાહી અંગે અરજદારને રૂબરૂ સુચના આપી ગેરકાયદેસર બાંધકામ દુર કરાવેલ છે જેના આધાર પુરાવા ગેરકાયદેસર બાંધકામનો ફોટો તથા તોડવામાં આવેલ બાંધકામનો ફોટો પણ રજૂ કરેલ છે. વધુમાં અરજદારને જાહેર માહિતી અધિકારીએ જણાવેલ પ્લાનની નકલ તથા રજાચિઠ્ઠીની નકલ આપવાની તૈયારી દર્શાવેલ છે.

સમગ્ર હકીકત જોતાં જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી બાબતે પ્લાન વિરુધ્ધનું દાદર તથા ઉત્તર દિશાના માર્જીનનું આરસીસી પ્રોજેકશન દુર કર્યાની માહિતી આપેલ છે. જયારે મુદ્દા નં.૧ અને ૨ બાબતે તેને સુસંગત માહિતી પૂરી પાડેલ નથી. જો પ્લાન વિરુધ્ધનું બાંધકામ દુર કરવામાં આવેલ હોય તો મુદ્દા નં.૧ મંજુર પ્લાન મુજબ બાંધકામ થયેલ છે કે કેમ? તથા મુદ્દા નં.૨ સ્થળ પર કેટલું બાંધકામ કાયદેસર પ્લાન મુજબ છે. તેની સ્પષ્ટ વિગતોની માહિતી અરજદારને પૂરી પાડવી રહે. પરંતુ તેવી માહિતી આપવાને બદલે જાહેર માહિતી અધિકારીએ માત્ર રજાચિઠ્ઠી અને પ્લાનની નકલ પૂરી પાડવાનો પ્રસ્તાવ કરેલ જે મુદ્દા નં.૩ અને ૪ ની વિગતો જોતાં પારસ્પરિક વિરોધાભાસી અને સંદિગ્ધ ગણાવી શકાય. મુદ્દા નં.૬ અંગે અરજદારે કાર્યવાહી હાથ ધરવાને લગતી રજૂઆત કરેલ છે. તેમાં કોઈ માહિતી માંગેલ નથી જેથી તે અંગે આરટીઆઈ ની અપીલ તબકકે કંઈ ટીકા ટીપ્પણી કરવાની રહેતી નથી. જયારે મુદ્દા નં.૩,૪,૫ અંગે જાહેર માહિતી અધિકારીએ પ્લાન વિરુધ્ધ દુર કરાવેલ બાંધકામ ની માહિતી આપેલ હોય તેથી તે અંગે તકરારને કોઈ સ્થાન નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૧–૧૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ અને ૨ ની દફતરી હકીકતલક્ષી માહિતી જાહેર માહિતી અધિકારીએ પાઠવેલ મુદ્દા નં.૩ અને ૪ ના પ્રત્યુત્તરના ઉપલક્ષ્યમાં આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી જયેશભાઈ ચંદુભાઈ પટેલ,